R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 19 DATE: 11-05-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ભારતે ઇરાન પાસેથી અમેરિકાએ મુકેલા આર્થિક પ્રતિબંધોને કારણે ક્રુડ ખરીદવાનું બંધ કર્યુ

અમેરિકા દ્વારા ઈરાન પર મુકવામાં આવેલા આર્થિક પ્રતિબંધોમાં ક્રુડ ખરીદવા માટે અપાયેલી છુટની અવધિ પુરી થતાં ભારતે બીજી મેથી ઈરાન પાસેથી ક્રુડ ખરીદવાનું બંધ કરી દીધું છે.ત્યારે અમેરિકાએ ભારતને એક નવું ટેન્શન આપ્યું છે. ટ્રેડ ફોરમમાં ભાગ લેવા આવેલા અમેરિકાના કોમર્સ સેક્રેટરી વિલ્બર રોસે કહ્યુ હતું કે ઈરાનથી આયાત કરવામાં આવતાં સસ્તા ક્રુડની ખરીદી પર છુટ બંધ થયા બાદ ભારતને જે નુકશાન થશે તેની ભરપાઈ કરવા માટે અમેરિકા કિફાયતી દરે ક્રુડ વેચવાની ખાતરી આપી શકે નહીં.તેલના કુવાની માલિકી ખાનગી હાથમાં હોવાથી સરકાર તેમને ઓછા દરે ક્રુડ વેચવા દબાણ કરી શકે નહીં.ઈરાનથી ક્રુડની ખરીદી કરવી ભારતીય રિફાયનરીઓ માટે ફાયદાકારક હતું કારણકે એમાં ચુકવણી માટે ૬૦ દિવસનો સમય મળતો હતો. અને આવી સુવિધા અન્ય દેશો જેવાકે સાઉદી અરબ,કુવૈત, ઈરાક,નાઈજીરીયા કે અમેરિકા આપતાં નથી.

## યુએસ કોર્ટે આકરી વિઝા નીતિ અટકાવી :વિદ્યાર્થીઓનો અમેરીકી વસવાટ ગેરકાયદેસર નહીં ગણાય

અમેરિકામાં અભ્યાસ કરતાં બે લાખ ભારતીય વિદ્યાર્થીઓ માટે ભણતર પુરુ થયા બાદ અમેરિકામાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓની દેશમાં હાજરીને ગેરકાયદેસર ઠેરવતાં અમેરિકાના ઈમીગ્રેશન વિભાગે લાગુ કરેલી વિઝા નીતી ઉપર યુએસ કોર્ટે બ્રેક લગાવી છે.ઈમીગ્રેશન વિભાગની નીતિ પર યુએસ કોર્ટે તત્કાલ રોક લગાવી છે. આ રોકનો લાભ ૨ લાખ જેટલા ભારતીય વિદ્યાર્થીઓને મળશે.

યુએસ ડિસ્ટ્રીક કોર્ટનો આદેશ અમેરિકી સ્ટેટસ સીટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસને આકરી વિઝા નીતિ લાગુ પાડતા અટકાવે છે. અમેરિકી સ્ટેટસ સિટીઝનશીપ એન્ડ ઈમીગ્રેશન સર્વીસની વિઝા નીતિ પ્રમાણે અમેરિકામાંથી રવાના થતાં પહેલા જે પણ વ્યક્તિ ત્યાં ૧૮૦ દિવસ કરતાં વધારે સમય ગેરકાનુની રીતે રહેતાં હોય તો તેને બીજા ત્રણ વર્ષ અમેરિકામાં રહેવાની પરમિશન નથી. તે ઉપરાંત અમેરિકામાં ૧ વર્ષ કરતાં વધારે સમય સુધી ગેરકાયદેસર રીતે રહેનાર વ્યક્તિને ૧૦ વર્ષ સુધી ત્યાં જતા અટકાવી શકાય છે.

આમ અમેરિકાના નવા વિઝા નિયમોથી દેશમાં રહેતા વિદેશીઓ માટે અકળામણ અનુભવનારા છે. તેથી તેઓ તેની સામે લડી રહ્યા છે.

## શ્રીલંકામાં ચર્ચો તથા હોટલો પર આતંકી હુમલો કરનાર સંગઠનની ૭ અબજની સંપત્તિ જપ્ત કરવામાં આવી

શ્રીલંકાની રાજધાની કોલંબોમાં ઈસ્ટરની ઉજવણી સમયે થયેલા આતંકી હુમલામાં સંડોવાયેલા આતંકી સંગઠન અંગે શ્રીલંકાની પોલીસે જણાવ્યા મુજબ આતંકી હુમલા પાછળ જે આતંકી સંગઠનનો હાથ હતો તેની પાસેથી ૧૪૦ કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરાઈ છે. આ આતંકી સંગઠનની ઈસ્લામિક સંગઠન આઈએસઆઈએસ સાથે કડીઓ મળેલી છે.

શ્રીલંકન પોલીસના પ્રવક્તા એસ.પી.સુવન ગુનાસેકરાએ જણાવ્યુ હતું કે ક્રિમિનલ ઈન્વેસ્ટીગેશન ડીપાર્ટ. આ જાણકારી એકત્ર કરી છે. કુલ રોકડની અડધી રકમ સીઆઈડીની કસ્ટડીમાં છે જ્યારે બાકીની રોકડ કેટલીક બેન્કોના ખાતાઓમાં જમા કરાવેલી છે.આ બેન્ક ખાતાઓ સસ્પેન્ડ કરાવવાની પ્રક્રિયા શરુ થઈ ચુકી છે. સુવને જણાવ્યુ હતું કે ૨૧ એપ્રિલે થયેલા આ આતંકી હુમલામાં ૧૧ ભારતીયો સહિત ૨૫૦ લોકો માર્યા ગયા હતા. અને અન્ય ૫૦૦ને ઈજા થઈ હતી.આ હુમલા પાછળ ઈસ્લામિક સ્ટેટ આતંકી જુથે દાવો કર્યો હતો. જો કે શ્રીલંકન સરકાર આ હુમલા પાછળ આઈએસઆઈએસ સાથે સંકળાયેલું સ્થાનિક ઈસ્લામિસ્ટ અંતિમવાદી જુત એનટીજેને જવાબદાર ગણે છે. સરકાર આ આતંકી જુથને પ્રતિબંધિત કર્યું છે.

આ હુમલામાં સામેલ તમામ ઈસ્લામિક આતંકવાદીઓ ક્યાં તો પકડાઈ ગયા છે અથવા માર્યા ગયા છે એવો શ્રીલંકન પોલીસે દાવો કર્યો હતો.એ સાથે આ દેશ હવે સુરક્ષિત છે એવી ખાતરી સાથે જનજીવન સામાન્ય થઈ રહ્યાનું જણાવ્યુ હતું.

જે આતંકી સંગઠનની પાસે ૧૪૦ કરોડથી વધુ સંપત્તિ એકઠી થઈ હોય તેની પાસે વિશાળ નેટવર્ક પણ હોવાની શક્યતાઓ છે. પોલીસ અને ઈન્ટેલીજન્સની પુરતી તપાસ રહેવી જરુરી છે. નહિતર આતંકી સંગઠનનો દરેક ઠેકાણે પોતાની વ્યવસ્થિત વ્યવસ્થાઓ ઉભી કરી શકે છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## જાતીય સતામણીના કેસમાં ચીફ જસ્ટીસ ગોગોઇ પર આરોપોમાં તથ્ય ન જણાતાં કલીન ચીટ અપાઇ

સુપ્રીમ કોર્ટની ઈન હાઉસ ઈન્કવાયરી કમીટીમાંથી ચીફ જસ્ટીસ રંજન ગોગોઈને ક્લીન ચીટ અપાઈ છે.કમિટીને સુપ્રીમના પુર્વ મહિલા કર્મચારી દ્વારા તેમની સામે કરાયેલી જાતીય સતામણીના આરોપોમાંથી કોઈ તથ્ય જણાયા નહોતાં. આ મહિલાએ જસ્ટીસ ગોગોઈ પર જાતીય શોષણન આરોપ મુક્યો હતો.સુપ્રીમ કોર્ટના સેક્રેટરી જનરલની ઓફેસે મોકલેલી નોટીસમાં જણાવાયું હતું કે જસ્ટીસ એસ.એ. બોબડેના અધ્યક્ષપદ હેઠળની કમિટિના અહેવાલ જાહેર કરવાને પાત્ર નથી. મહિલાએ ત્રણ દિવસ સુધી તપાસમાં ભાગ લીધા બાદ ૩૦ એપ્રિલે તેમાંથી ખસી ગઈ હતી. અને તેના કારણે કમિટીએ એકતરફી રિપોર્ટ આપી દીધો હતો. મહિલાએ એક અખબારી નિવેદન આપ્યું હતું તેમાં તેણે કમિટિનું વાતાવરણ એકદમ ગભરાટભર્યું હોવાનું વર્ણન કર્યુ હતું. તેણે તેના વકીલને હાજર ન થવા દેવા સહિતના અનેક વાંધા રજુ કરીને તપાસમાંથી બહાર નીકળી જવાની વાત કરી હતી. જસ્ટીસ ગોગોઈ પોતાના નિવેદનો નોધાવવા પહેલી મેના રોજ કમિટી સમક્ષ હાજર થયા હતા.

## સુપ્રીમ કોર્ટમાં સિસ્ટમમાં કંઇક ગરબડ છે તેવું પ્રકાશમાં આવ્યું: ચીફ જસ્ટીસ ગોગોઇએ ખુલ્લી કોર્ટમાં આપેલો આદેશ કેમ બદલાયો ?

સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ ખુલ્લી કોર્ટમાં આપેલો આદેશ હતો કે રફાલની સમીક્ષા અને રાહુલ ગાંધી સામે અવમાનનાનો મામલો એક સાથે છઠ્ઠી મેના રોજ સાંભળવામાં આવશે. પરંતુ કોર્ટની વેબસાઈટમાં બ ે અલગ-અલગ તારીખો દર્શાવવામાં આવી હતી. જે મામલે જસ્ટીસ ગોગોઈએ આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતું.

રફાલ કેસની સમીક્ષાકેસની સુનાવણીને લગતો ૩૦ એપ્રિલના જ્યુડિસીયલ આદેશના કન્ટેન્ટને ફેરફાર કરીને કોઈ ભેદી કરામત બદલ આશ્ચર્ય વ્યક્ત કર્યાની સાથે ગુંચવાઈ ગયા હતા.રફાલ મામલે જે સુનાવણી થઈ તેમાં ફરી એકવાર પોતાના સ્ટાફ અંગે કોર્ટે અગાઉ વ્યક્ત કરેલી શંકાઓ ફરી પ્રકાશમાં આવી હતી.

ચીફ જસ્ટીસની આગેવાની હેઠળની બેન્ચે ૩૦ એપ્રિલે ખુલ્લી કોર્ટમાં સ્પષ્ટ આદેશ આપ્યો હતો કે રફાલ સમીક્ષા મામલે અને સુપ્રીમ કોર્ટને ઉલ્લેખીને ચોકીદાર ચોર હે ની કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની ટિપ્પણી બદલ તેમની સામે ક્રિમિનલ કન્ટેમ્પ્ટ કેસની સુનાવણી એકસાથે છઠ્ઠી મેના રોજ થશે.જો કે ઓર્ડરની નકલ ૩૦ એપ્રિલે સાંજે વેબસાઈટ પર પ્રકાશિત થઈ હતી. અને તેમાં અલગ અલગ તારીખો દર્શાવવામાં આવી હતી. તેમાં રાહુલ ગાંધી સામેના કેસની સુનાવણીની તારીખ ૧૦ મે દર્શાવવામાં આવી હતી.જે સમર વેકેશન મૌટે કોર્ટ બંધ થવાની અંતિમ થારીખ છે. રફાલનો કેસ છઠ્ઠી મેના રોજ સુનાવણી માટે નોંધવામાં આવ્યો હતો. એડવોકેટ પ્રશાંત ભુષણે રફાલ મામલે તેમની રજુઆતો ક રવા ઉભા થયા કે તરતજ સીબીઆઈએ તેમને અટકાવી હતી અને કન્ટેમ્પટ કેસની ફાઈલ માંગી હતી.

સમગ્ર મામલો જોતાં એકદંરે કંઈક ગરબડ છે અને કોણ કરે છે તે તો ત્યારેજ ખબર પડે જ્યારે તેની તપાસ કરવામાં આવે.રફાલના મામલાને ચાલતો અટકાવવા માટે સીબીઆઈએ કન્ટેમ્પટના કેસની ફાઈલ માંગતા તે કેસ અટક્યો હતો તેથી એક દિવસે તે ચાલશે તેમ ચીફજસ્ટીસ કહ્યુ હતું.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દિલ્હી હાઇકોર્ટે મીડીયાની ભુમિકાને લઇને જે આદેશ આપ્યો છે તે છાશવારે મીડીયાનો અવાજ દબાવી દેવા માટે કરતાં માનહાનિના કેસોમાં અગત્યનો પુરવાર થશે. જયારે કોઇપણ મીડીયામાં કોઇ વ્યક્તિ કે સંસ્થાની સામે રિપોર્ટ પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે જો વ્યક્તિ કે સંસ્થા શક્તિશાળી હોય તો તે સૌથી પહેલું કામ મીડીયાનો અવાજ કેમ દબાવી દેવો તેના માટે કરાતો હોય છે.મોટાભાગના કિસ્સાઓમાં નોધાયું છે કે આવી વ્યક્તિ કે સંસ્થા પોતાની બદનામી કરવામાં આવી છે તેમ જાહેર કરીને મીડીયાનો અવાજ દબાવી દેવા માટે અથાગ પ્રયત્ન કરે છે. કોર્ટમાં કેસો કરવામાં આવે છે. તેના કારણે મીડીયાની સ્વતંત્રતા પર બ્રેક લાગી જાય છે.સમાજના હિતમાં તે હોય તો પણ કશું પ્રસિધ્ધ કરી શકાતું નથી. ભારતમાં મીડીયા સામેના માનહાનિના કેસોની સંખ્યા કોર્ટમાં વધી ગઇ છે.જેને કોર્ટે નજર અંદાજ કરી નથી.

“દિલ્હી હાઇકોર્ટે મીડીયાની ભુમિકા સમાજ માટે સારી ગણાવી છે. અને કહ્યુ છે કે તેના દ્વારા સ્ટિંગ ઓપરેશન કરવામાં આવે છે તે સમાજનો મહત્વપુર્ણ હિસ્સો છે.કેમકે તે ખોટું થતું હોય તો તે ઉજાગર કરે છે.અને એ રીતે તે સમાજની મદદ કરે છે. કોર્ટે આ સાથે એમ પણ કહ્યું છે કે માનહાનિનો કેસ પ્રેસ તથા મીડીયાનું ગળું દબાવવા કે તેને ચુપ કરાવવા માટે કરી શકાય નહીં.

દિલ્હી હાઇકોર્ટે કહ્યુ કે માનહાનિ કાયદામાં સંવિધાન દ્વારા આપવામાં આવેલી બોલવાની અભિવ્યક્તિની સ્વતંત્રતા પર અનુચિત પ્રતિબંધ લગાવવાની ક્ષમતા છે અને એ સુનિશ્ચિત કરવાનું કર્તવ્ય અદાલતનું છે.કે માનહાનિ કાનુનનો દુરુપયોગ કરવામાં ન આવે. દિલ્હી હાઇકોર્ટના જસ્ટીસ રાજીવ સહાયે ઇન્ડીયન પોટાશ લી. દ્વારા એક સમાચાર ચેનલ પર દાખલ કરવામાં આવેલા માનહાનિના ખટલાને ફગાવતાં આ ટિપ્પણી કરી હતી. ઇન્ડીયન પોટાશ લી.સરકારી ઉપક્રમ છે.કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલયે આ સમાચાર પ્રગટ કરવા માટે ચેનલના માલિક અને સંપાદક સામે રુપીયા ૧૧ કરોડનો દાવો માંડ્યો હતો.ચેનલ પર ૨૭-૨૮ એપ્રિલ ૨૦૦૭ના રોજ આ અંગેના સમાચાર પ્રસિધ્ધ થયા હતા જેમાં એક સ્ટિંગ ઓપરેશનમાં એવુ દર્શાવવામાં આવ્યુ હતું કે કંપની પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં કથિત રીતે મીલાવટી કે સિન્થેટીક દુધ વેચી રહી છે.અદાલતે કહ્યુ કે કંપની પોતાના દાવામાં એ વાત સાબિત કરી શકી નથી કે આ ચેનલના રિપોર્ટને કારણે તેને નુકશાન સહેવું પડ્યું છે.આ જ કારણથી કંપની નુકશાનીના રુપમાં કોઇ રાશી વસુલ કરી શકે નહીં.

જસ્ટીસ સહાયે કહ્યુ હતું કે ખોટું કામ હંમેશા અવૈધ રીતે, ચોરી છુપીથી થતું હોય છે અને તેમાં સામેલ જટિલતાઓને કારણેજ એ સાબિત થાય છે કે તેમાં કોઇ સબુત હોતો નથી. આવા કામો સાથે જોડાયેલ વ્યક્તિ મીડીયા કે પત્રકારની સામે તો ભાગ્યે જ તેના કામમાં સંકળાયેલી બાબતોનો સ્વીકાર કરે.અસલી તસવીર સામે લાવવી હોય તો તમારે જાળ બીછાવવી પડે

સમાજના હિતમાં તે બાબતો સ્ટિંગ ઓપરેશન થકી દેખાડવી તે સારુ છે કેમકે તેનાથી ખોટાં કામો થોડા સમય માટે તો અટકી જતાં હોય છે.દિલ્હી હાઇકોર્ટનો ચુકાદો મીડીયા જગતને તેના કામમાં સહેવા પડતાં અવરોધોમાંથી માર્ગ કરી આપશે તેની આશા અસ્થાને નથી.”જો કે ઉત્તર ભારતમાં સિન્થેટીક દુધનો બહુ મોટો ધંધો ચાલે છે.પરંતુ જો સરકારી સાહસો જ તેમાં રચ્યા પચ્યા હોય તો કોણ આ દેશને બચાવશે. (સૌ.ન.ગુ.સ)

# જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઇશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઇન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઇએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો- આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઇ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઇને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઇએ. સ્વાદનો આનંદ લેવો જોઇએ. આપણું પેટ કોઇ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઇ ખાઇએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઇપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઇએ તો કોઇપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઇ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઇએ.કોઇપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઇએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઇશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઇચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



# જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

# કીડીઓ પાસેથી મહેનતનો મંત્ર મળે છે.વૃક્ષો પાસેથી પરોપકારનો સંદેશો મળે છે અને આપણે માનવજાતને કેવો સંદેશો આપીએ છીએ

આખું જગત સંદેશ આધારિત ચાલે છે. સંદેશના પાયામાં ભાષા રહેલી છે.જો કે ભાષા સિવાય પણ સંદેશ મોકલી શકાય છે.એનુ ક્ષેત્ર સાંકડુ છે.આપણે સામસામે બેઠા હોઈએ તો નિર્દેશ કરીને કોઈ વસ્તુ મંગાવી શકીએ છીએ. પણ ઈશારાઓની મર્યાદા હોય છે.હું ઈશારાથી પાણી મંગાવી શકું છું.પણ મારી ઓફિસમાંથી કંઈ મંગાવવુ હોય તો મારે ભાષાની જરુર પડે છે. સંદેશાની રીતે જોઈએ તો એક માણસને મનમાં કંઈક વિચાર આવ્યો, તે બીજાની આગળ વ્યક્ત કરે, અને એ પ્રમાણે સામેની વ્યક્તિ એ કામ કરે, તેથી એમ કહેવાય કે સંદેશનું માધ્યમ ભાષા છે.જો માનવજાત પાસેથી ભાષા લુપ્ત થઈ જાય તો સઘળો વ્યવહાર અટકી પડે.કોઈ માણસ પોતાની ઓફિસમાંથી બેસીને વહીવટ ચલાવી ન શકે. ખેડુત ખેતી ના કરી શકે.મજુર મેહનતમાંથી બાકાત થઈ જાય.એક ગામથી બીજે, એક પ્રદેશથી બીજા કે વિશ્વના કોઈ ખુણે સંદેશ મોકલવો હોય તો ભાષાની જરૂરીયાત પડે જ.આ વાત થઈ સંદેશ માટે ભાષાની.પણ સંદેશ એટલે શું? એ તો પ્રશ્ન ઉભો જ રહ્યો છે. ધારો કે મારે કોઈ કામ હોય અને તમને બોલાવવા હોય,તો માણસ મોકલુ તે મારો સંદેશ તમને કહી સંભળાવે અને તમે તે પ્રમાણે અમલ કરો.તમે દેશાવર હોવ તો હુ તમને પત્ર દ્વારા સંદેશો પાઠવુ અથવા ફોનથી સમાચાર આપું. હવે તો સંદેશ માટેના સાધનો વ્યવસ્થા એટલાં તો વધી ગયાં છે કે તમે દુનિયાના કોઈપણ ખુણે કોવ તો પણ બીજી મિનિટે સંદેશ પહોચીં જાય. આજે તો દુનિયા ઘણી નાની બની ગઈ છે.અને સંદેશાનો વ્યવહાર સરળ.

સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.આજે આપણે ટી.વીની સ્વિચ પાડીએ અને દુનિયાના બધા જ સંદેશ સંકંડમાં મળી જાય. સવારે છાપામાં જગતની નવાજુનીનો સંદેશ આપણને મળી જાય. એ બધા જ સમાચાર છે. પણ ગાંધીજીએ કહ્યુ છે કે 'મારુ જીવન મારો સંદેશ છે 'આ બાબત એક નવુંજ દ્વાર ખોલી આપે છે. આપણે દર્પણની સામે ઉભા રહીએ તો આપણે કેવા છીએ એનો સંદેશ તે આપણને આપી દે છે. એ રીતે માણસના કાર્યો એનો સંદેશો પહોચાડે છે.જે ઉપદેશકો કે કથાકારો શબ્દોથી સંદેશ પહોચાડી શકતા નથી તે આચરણથી તરત જ પહોચી જાય છે.દીન દુખીયાની સેવા કરવી,કચડાયેલી પ્રજાને દુનીયાના ચોકમાં ઉભી રાખવા માટે જાગૃત કરવી અને સમાજના દુષણોને દુર કરીને સન્માર્ગ બતાવવા માટે જે ભેખ ધરીને ચાલે છે એને શબ્દોથી સંદેશ આપવાની જરુર નથી.એ તો ખભે ખલીતો કરીને નીકળી પડે છે, તો ધીમે ધીમે પ્રજા એની પાછળ ઘસડાય છે,એ જ એમનો સંદેશ અને એજ એમનુ જીવન છે. આપણે આ વિશ્વમાં આપણી આંખ અને કાન ખુલ્લા રાખીએ તો દરેક વસ્તુમાંથી આપણને જીવનનો સંદેશ મળી રહે છે.કીડીઓનુ નિરિક્ષણ કરો તો એમની પાસેથી કેવો મહાન સંદેશો મળી રહે છે. કીડીઓ પાસેથી મહેનતનો મંત્ર મળે છે.વૃક્ષો પાસેથી પરોપકારનો સંદેશો મળે છે.સાગર પાસેથી ઉંડાણ અને આનંદનો સંદેશ પમાય છે. સુર્ય-ચંદ્ર આપણને સમયનો તકાજો સમજાવે છે.આ ધરતી એ સહનશીલતાનો સંદેશો આપે છે.માર્શલ મેકલુહેને તો 'માધ્યમ એ જ સંદેશ છે 'એવી વાત કરી છે.પવન, આપણને શાનો સંદેશો આપે છે.?આ બધાજ માધ્યમ છે.માધ્યમથી જ સંદેશો મેળવી શકાય છે.ટપાલમાં જે સંદેશો આવતો,એના માટે લોકો દિવસોના દિવસો સુધી ઝુર્યા કરતા.

સમયે સમયે સંદેશાના માધ્યમ પણ બદલાતાં રહ્યાં છે.જુના સમયમાં એક રાજા બીજા રાજને પોતાનો સંદેશો કાપડમાં લખીને સૈનિક દ્વારા મોકલતો, ભરી સભામાં તે વાંચવામાં આવે,પછી એનો પ્રત્યુત્તર આપવામાં આવતો.ઘણા કબુતરોને માધ્યમ બનાવીને પોતાના સંદેશાઓની આપ લે કરાવતાં. ટપાલ તો ઘણી મોડી આવી. પણ આજેય ટપાલ દ્વારા સંદેશની આપ-લે થાય છે.ઝડપી સંદેશા તાર દ્વારા મોકલાતા. અત્યારે તો સંદેશના માધ્યમોએ દુનિયાને મુઠ્ઠીમાં કરી લીધી છે.સંદેશા દ્વારા સામેની હકીકત જાણી શકાય છે.સંદેશાથી માણસના મનની દશાનો ખ્યાલ આવે છે.સંદેશો જ સાચી પરિસ્થિતિનો તાગ મેળવવામાં કામ લાગે છે.સવારે સમાચાર પત્ર આપણને આખા વિશ્વની નવાજુનીઓ સંદેશ આપી દે છે. ક્યાં શુ થાય છે અને કેવી પરિસ્થિતિ છે, તે સંદેશા દ્વારા જાણી શકાય છે. ક્યાંક આગ લાગે તો તરત ફાયરબ્રિગેડને સંદેશ પહોચાડાય છે. તેથી તે દોડી આવે છે. આ બધી સંદેશા વ્યવહારની સામાન્ય વાત થઈ.

એ સિવાય પણ સંદેશો આપી શકાય છે. જે ઘણાના જીવનને સીધો સ્પર્શે છે. કોઈ મહાન માણસને પુછવામાં આવે છે કે પ્રજા માટે તમારો સંદેશ શું છે ?અહીં સંદેશનો આખો અર્થ ફરી જાય છે.ધર્માચાર્યો જે સંદેશ આપે છે, એ માણસને જીવનની દિશા સુચવે છે. કોઈને ઉત્તમ પુસ્તક લખ્યુ હોય, એનો સંદેશ કંઈ જુદા જ પ્રકારનો પ્રભાવ પાડતો હોય છે.તો ક્યારેક માણસને આત્માનો અવાજ સંદેશો આપતો હોય છે.જોન વ્હાઈટહેડે કહ્યુ છે 'બાળકો એક જીવંત સંદેશ છે જે આપણે એવા એક સમયમાં મોકલીએ છીએ કે જે આપણે કદી જોઈ નહીં શકીએ 'આપણે જાણીએ છીએ કે બાળક તો પ્રભુનો પયગંબર છે.જ્યાં સુધી બાળકો આ ધરતી પર આવતાં રહેશે ત્યાં સુધી સ્વર્ગ અહીં જ છે. કેટલાંક અજ્ઞાત સંદેશ મળતા હોય છે. આ અનંતની પાર પ્રાણવાહક સુના સંદેશ લઈ જવા માટે મહાદેવી વર્માએ કહ્યુ છે આ જગતમાં દરેક જીવ કંઈ ને કંઈ પ્રાપ્ત કરવા માટે કોઈને કોઈ સંદેશ મેળવવા માટે, મથામણ કરતો જ હોય છે. પરમાત્માએ તો આપણનો ચોમેરથી સંદેશાનો વરસાદ વરસાવ્યો છે. પણ એનો ઝીલનાર કોણ ?ઈટાલીયન અભિનેત્રી એલેનોરા દુસે (૧૮૫૮-૧૯૨૪)કહ્યુ છે 'જો ભુરા આકાશને જોઈને તમારુ ચિત્ત પ્રસન્ન થઈ જતુ હોય, જો પ્રકૃત્તિ દ્વારા પાઢવવામાં આવતા સરળ સંદેશાઓ તમે સમજી શકો તો તમારો આત્મા હજી જીવિત છે ' જે પ્રકૃત્તિને માણી શકતા નથી એ જીવે કે મરે તેથી કોઈ જ ફરક પડતો નથી.પ્રકૃત્તિ સાચા જીવનનો સંદેશ આપે છે.એ સંદેશને પચાવવાની ક્ષમતા આપણે ગુમાવી બેઠા છીએ.

ઈશ્વર આપણી સાથે સતત વાત કરતો રહે છે. સારી કે ખરાબ ઘટનાઓ પણ એનો જ સંદેશ હોય છે. એ સંદેશને આપણે વાંચી શકીએ તો એનું આંતરસત્વ પામી શકાય છે. મેલકમ મગરીજી કહ્યુ છે ' દરેક નાની કે મોટી ઘટના એક ઉદાહરણ કથા છે.જેના દ્વારા ઈશ્વર આપણી સાથે વાત કરે છે.અને જીવને આપણે એ સંદેશને પ્રાપ્ત કરવાનો છે.આપણે ભલે માનતા હોઈએ કે કોઈ અનિષ્ટ ઘટના ઘટી છે,પણ એય એનો સંદેશ હોય છે. એની લીપીને આપણે ઉકેલવાની રહે છે.'આપણે કોઈ ધાર્મક ગ્રંથ વાંચતા હોય, તો આપણને એમાંથી સંદેશો મળતો હોય છે.ડો.સ્યુસે કહ્યુ છે ' ધર્મગુરુઓએ વાત કરી કે આ ધાર્મિક ગ્રંથમાં કેટલો સારો સંદેશો છે !તમે કંઈ પણ કરો,કોઈ ને કોઈ હંમેશાં તમારા ગ્રંથમાના ગર્ભિત અર્થો વધારશે ' આપણે જાણીએ છીએ કે, હોઠ દ્વારા જ આપેલો સંદેશો કાનને સ્પર્શીને જતો રહે છે.પણ હ્યદયનો સંદેશ હ્યદય સુધી પહોચે છે.બીલ ગોથાર્ડે કહ્યુ છે કે ' મગજમાં તૈયાર થયેલો સંદેશો બીજા મગજ સુધી પહોચે છે.જ્યારે જીવન દ્વારા પ્રસારિત સંદેશ અન્ય જીંદગીને પ્રભાવિત કરે છે

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## શ્રીલંકાની જેમ ભારતમાં પણ બુરખા પર પ્રતિબંધ મુકવો જોઇએ : સંજય રાવત, શિવસેના

શ્રીલંકામાં ગત સપ્તાહે થયેલા શ્રેણીબધ્ધ બોંબ ધડાકાઓ બાદ ત્યાની સરકારે તાત્કાલિક ધોરણે સમગ્ર દેશમાં ચહેરો ઢાંકવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.જેનો હવાલો આપતાં શિવસેનાના સંજય રાવતે પણ ભારતમાં બુરખા પર પ્રતિબંધ લાદવો જોઈએ તેવી રજુઆત કરી દીધી છે.તેમણે માંગણી કરતાં વડાપ્રધાન મોદી સમક્ષ દેશમાં બુરખા અને ચહેરો ઢાંકવા પર પ્રતિબંધ લાદવાની ભલામણ કરી છે.જો કે આ વિવાદને પગલે સંજય રાવતના આ નિવેદન બાદ શિવસેના પક્ષે હાથ ખંખેરી લીધા છે. અને કહ્યુ હતું કે તેમનો આ અંગત અભિપ્રાય છે તેને પાર્ટી સાથે કોઈ લેવાદેવા નથી.

શિવસેના ના મુખપત્ર સામનામાં લખવામાં આવેલા તંત્રીલેખમાં લખવામાં આવ્યુ હતું કે વડાપ્રધાન મોદીને સવાલ.રાવણની લંકામા જે થયું એ રામની અયોધ્યામાં ક્યારે થશે? શિવસેનાએ ફ્રાંસ,બ્રિટન,ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલીયાનું ઉદાહરણ આપતાં કહ્યુ હતું કે જો આ બધા દેશો આતંકી હુમલા બાદ બુરખા પર પ્રતિબંધ લગાવી શકતા હોય તો ભારતમાં પણ દેશના ભલા માટે બુરખા પર પ્રતિબંધ કેમ ન લગાવી શકાય. આ લેખમાં કહેવાયું હતું કે મોટા ભાગની મુસ્લીમ મહિલાઓ પણ બુરખાની વિરુધ્ધમાં છે આ સાથે તેમણે કહ્યુ હતું કે ભીષણ બોંબ બ્લાસ્ટ બાદ શ્રી લંકામાં બુરખો તેમજ ચહેરો ઢાંકતી તમામ વસ્તુઓ પર પ્રતિબંધ લગાવી દેવાયો છે.રાષ્ટ્રીય સુરક્ષા માટે આ નિર્ણય લેવાયો છે.અમે તેમના આ નિર્ણયને આવકારીએ છીએ.અમે વડાપ્રધાન મોદીને પણ શ્રીલંકાના રાષ્ટ્રપતિને પગલે ચાલતાં ભારતમાં પણ બુરખા પર અને ચહેરો ઢાંકતી કોઈપણ વસ્તુઓ પર પ્રતિબંધ લગાવી દેવો જોઈએ.

બેલ્જીયમનો ત્રણ માસનો સૌથી નાનો સેનાપતિ ડ્યુક ગોડફે ત્રીજો ઈતિહાસમાં ધી કેડલ ડ્યુક ના નામથી ઓળખાય છે.આ બાળ સેનાપતિ ઘોડીયામાં સુવાડીને યુધ્ધના મોરચે લઈ જવાતો હતો.

## સંયુક્ત રાષ્ટ્રે પાકિસ્તાની મસુદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કર્યો

છેલ્લા કેટલાક સમયથી ભારત પાકિસ્તાની મસુદ અઝહરને આતંકી સંગઠન જૈસે મોહમ્મંદ ના વડા તરીકે ભારતમાં આંતકી કૃત્યો માટે જવાબદાર ઠેરવીને તેને વૈશ્વિક આતંકી જાહેર કરવા માટે તનતોડ મહેનત કરતું હતું. પરંતુ ચીન અવાર નવાર ભારતની આ વાતને ઉડાડી દેતું હતું. આખરે સંયુકત રાષ્ટ્રે તેને વૈશ્વિક આતંકી જાહેર કરી દીધોછે. અગાઉ ચીને સુરક્ષા પરિષદની પ્રતિબંધ સમિતિ અંતગર્ત મસુદને બ્લેકલિસ્ટ કરવાા પ્રસ્તાવમાંથી પીછેહઠ કરી હતી.. જેમાં ચીન અત્યાર સુધી વારંવાર અવરોધ સર્જતું હતું. યુએનમાં ભારતના આ નિર્ણયમાં નાના,મોટા તમામ દેશો સાથે રહ્યા હતા.અને મસુદ અઝહરને સંયુક્ત રાષ્ટ્રની પ્રતિબંધ યાદીમાં આતંકવાદી તરીકે ઘોષિત કરવામાં આવ્યો હતો.મસુદ અઝહર પુલવામામાં જે આતંકી હુમલો કરાયો હતો તેની જવાબદારી સ્વીકારી હતી.જેમાં સીઆરપીએફના ૪૦ જવાનોની હત્યા કરાઈ હતી.

ચીન હવે પોતાનું વલણ બદલી શકે છે અને આતંકી મસુદ અઝહર પરના પ્રસ્તાવ પરની પોતાની રોક હટાવી શકે તેવી પ્રબળ શક્યતા છે.ચીને કહ્યુ હતું કે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અઝહર મસુદને વૈશ્વિક આતંકી જાહેર કરવાના આ વિવાદિત મુદ્દાનો સારી રીતે ઉકેલ આવી જશે.સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવામાં ત્યાર બાદ તેની સંપત્તિ જપ્ત કરી શકાશે અને હવે તેના પર યાત્રા કરવા પર પ્રતિબંધ લાગશે અને હથિયાર સબંધિ પ્રતિબંધ લાગી શકે છે.ચીન અત્યાર સુધીમાં મસુદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવામાં પોતાના વીટો વાપરીને તેમ કરવામાં રોક લગાવી હતી.પરંતુ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવામાં ૧૦ વર્ષનો સમય લાગ્યો હતો.ભારતે ૨૦૦૯માં આ બાબતનો પ્રસ્તાવ રાષ્ટ્રસંઘમા મુક્યો હતો.જેમાં અમેરિકા, ફ્રાંસ,બ્રિટન વિગેરનો ટેકો હતો પરંતુ દર વખતે ચીને પોતાનો વીટો વાપરીને દસખાસ્તનો અમલ થવા દીધો નહોતો.આખરે તે શક્ય બન્યું છે.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

# ગાંધીજીની ભૂમિથી વડાપ્રધાન આવા નીચલા સ્તરે જાય એ દુઃખદ છે : સામ પિત્રોડા

પુર્વવડાપ્રધાન રાજીવ ગાંધી અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી ટિપ્પણી અંગે નિંદા કરતાં વરિષ્ઠ કોગ્રેસ નેતા સામ પિત્રોડાએ કહ્યુ હતું કે એક દિવંગત હસ્તી વિશે ગમે તેમ નિવેદનબાજીના કારણે એક ગુજરાતી હોવાને નાતે તેઓ શરમ અનુભવી રહ્યા છે. પિત્રોડાએ ઈન્ડીયન ઓવરસીઝ કોગ્રેસના પ્રમુખ છે. તેમણે પત્રકારોને જણાવ્યુ હતું કે દેશના હાલના વડાપ્રધાન મોદીએ પુર્વ પીએમ રાજીવગાંધી અંગે જે મનફાવે તેમ ટિપ્પણી કરી તેનાથી મને એક ગુજરાતી તરીકે શરમ આવે છે. હું પણ એ જ ગુજરાત સાથે સબંધ ધરાવું છું. જ્યાં મહાત્મા ગાંધીનો જન્મ થયો હતો.પિત્રોડાએ કહ્યુ હતું કે મને એ વાતનું દુઃખ થાય છે કે ગુજરાતથી આવનારા લોકો આટલા નીચલા સ્તરે જઈને એક દિવંગત હસ્તી વિશે આટલી હદે જુઠ્ઠુ બોલી શકે છે.વડાપ્રધાન મોદીએ યુપીમાં એક ચુંટણી રેલીમાં કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર પ્રહારો કરતાં તેમના સ્વર્ગસ્થ પિતા અને પુર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનું નામ લીધા વિના કહ્યુ હતું કે આપના પિતાજીને આપના રાજદરબારીઓએ ગાઈવગાડીને મિસ્ટર ક્લીન બનાવી દીધા હતા. પણ જોતજોતામાં જ તેઓનો જીવનકાળ ભ્રષ્ટાચારી નં.૧ તરીકે સમાપ્ત થઈ ગયો હતો.

# કેન્દ્રમાં સત્તા માટે ભાજપને સહયોગી પક્ષોની જરુર પડશે : રામ માધવ

ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી રામ માધવે જણાવ્યુ હતું કે આ લોકસભા ચુંટણીમાં એમની પાર્ટી પુર્ણ બહુમતીના આંકડાથી પાછળ રહી શકે છે.તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યુ હતું કે જો અમને ૨૭૧ સીટ મળશે તો અમે ખુબ રાજી થઈશું.આ સાથે એમ પણ કહ્યુ હતું કે એનડીએ સાથે અમને આરામથી બહુમતી મળી જશે.

ભાજપનો ઉત્તાર ભારતના રાજ્યોમાં સંભવિત નુકશાનની ભરપાઈ ઓરિસ્સા,પશ્ચિમ બંગાળ અને નોર્થ ઈસ્ટના રાજ્યોમાં થઈ શકશે. ભાજપ જો સત્તામાં પરત ફરશે તો વિકાસ વાળી નીતિઓને આગળ વધારવાનું કામ જારી રાખશે.

તેમણે કહ્યુ હતું કે કેટલીક વિશ્વસનીય ઘટના બને છે તો મને ભરોસો છે કે પાકિસ્તાન સાથે આપણા સબંધો સુધરી શકે છે.પરંતુ આની જવાબદારી પાકિસ્તાન પર નભે છે.

# ફ્લેટ-એપાર્ટમેન્ટના રિડેવલપમેન્ટના કાયદાને રાષ્ટ્રપતિની મંજુરી મળી

ગુજરાતમાં હવે જર્જરિત ખાનગી-ફ્લેટ એપાર્ટમેન્ટની સોસાયટીના ૭૫ ટકા સભ્યોની સંમતિ હશે તો પણ તેનું રિડેવલપમેન્ટ થઈ શકશે. આ માટેના રાજ્ય સરકારે ૯-૧૦-૨૦૧૮ના રોજ વિધાનસભામાં ઘડેલા કાયદાને રાષ્ટ્રપતિએ સાડા છ મહિના બાદ મંજુરી આપી છે. કાયદાને મંજુરી મળતાં અનેક બિલ્ડરો-ડેવલપરો જેઓ રીડેવલપમેન્ટના પ્રોજેક્ટ લઈને બેઠા હતા અને કાયદાને મંજુરી મળતાં અટવાઈ ગયા હતા તેમને રાહત મળશે. આ કાયદો અમલી બનતાં હવે રીયલ એસ્ટેટમાં પણ નવેસરથી ઉછાળો આવશે. અને જુના-જોખમી મકાનોના રહીશોને નવા સુઆજિત રહેણાંક મળશે તેમ મનાઈ રહ્યું છે.

ગૃહ અને કાયદા મંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ગુજરાત માલિકી ફ્લેટ(સુધારા) વિધેયક-૨૦૧૮ને રાષ્ટ્રપતિએ ૨૫ એપ્રિલે મંજુરી આપી હોવાનું જણાવ્યુ હતું. મકાનોના પુનઃનિર્માણ,પુનઃવિકાસ જરુરી હોવા છતોં તે માટે ફ્લેટ કે એપાર્ટમેન્ટ અને ખાનગી સોસાયટીમાં રહેતા રહીશોના તમામ સભ્યોની અગાઉ સો ટકા મંજુરી હોવાની પુનઃનિર્માણ કે પુનઃવિકાસની કામગીરી થઈ શકતી ન હતી. તેના કારણે રિડેવલપમેન્ટ જરુરી હોવા છતાં ન થઈ શકતાં જે મકાનો જોખમી હોય તેના રહીશોને પણ જીવનું જોખમ સર્જાતું હતું.તે સમસ્યા દુર કરવા કાયદામાં સુધારો કરતું વિધેયક ગત વર્ષે વિધાનસભામાં લાવીને પસાર કરાયું હતું. તે મુજબ ફ્લેટ-એપાર્ટમેન્ટના માલિકો ૭૫ ટકાથી ઓછા નહીં તેટલા સભ્યોની સંમતિથી રિડેવલપમેન્ટ માટે જઈ શકશે. જર્જરિત હોવા અંગેનું પ્રમાણપત્ર સોસાયટીએ લેવું પડશે. આ વિધેયકને રાજ્યપાલે અનુમતિ માટે રાષ્ટ્રપતિને મોકલી આપતાં છેવટે મંજુરી મળી ગઈ છે.હવે સરકારે આ માટેના નિયમો જાહેર કરીને કાયદો અમલી બનાવશે.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪





## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭
લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# સરકારી કામગીરીમાં દખલગીરી ન કરવા માટે મદ્રાસ હાઇકોર્ટે પુડુચેરીના ઉપરાજ્યપાલને આદેશ આપ્યો

રાજ્યો હોય કે કેન્દ્ર શાસિત પ્રદેશ હોય,અને જેમાં કેન્દ્રની સરકારની વિરુધ્ધ પક્ષની સરકાર હોય ત્યાં કેન્દ્રએ નીમેલા રાજ્યપાલો કે ઉપરાજ્યપાલો સરકારી કામગીરીમાં દખલ કરે છે તે ચાલ્યુ આવતી એક પ્રક્રિયા છે. જેના કારણે સરકાર અને રાજ્યપાલ વચ્ચે ગંભીર મતભેદો ઉભા થતા રહ્યા છે.છેલ્લા કેટલાક સમયથી પુડુચેરીના મુખ્યમંત્રી નારાયણ સ્વામી અને પુડુચેરીના લેફ્ટ જનરલ વચ્ચે સત્તા અને સર્વોપરિતા માટે ચાલેલી રાજકીય ખેચતાણનો મામલો મદ્રાસ હાઈકોર્ટમાં પહોચ્યો હતો.જેમાં કોર્ટે ઠરાવ્યું હતુ કે એલજી કિરણ બેદી પુડુચેરીમાં સમાંતર સરકાર ચલાવી શકે નહીં. તેમની એડમિનીસ્ટ્રેટર તરી કેની સત્તાઓ મર્યાદિત છે. સરકારના રોજબરોજના કામકાજમાં દખલગીરી કરી શકે નહીં.તેમની પાસે કેન્દ્ર શાસિત પ્રદેશના રોજિંદા કામકાજમાં હસ્તક્ષેપ કરવાની સત્તા નથી. તેઓ પોતાની સર્વોપરિતા સ્થાપવા કે જાહેર હિતમાં ટેકનીકલ કારણો આગળ ધરીને સરકારની રોજબરોજની કામગીરીમાં હસ્તક્ષેપ કરી શકે નહીં.

કોર્ટે કિરણ બેદીને ઝાટકતાં કહ્યું હતું કે તેઓ સરકારને કે સરકાર વતી કોઈ આદેશ આપી શકે નહીં.કોઈ ફાઈલ અંગે તેઓ સરકારને કોઈ પુછપરછ કરી શકે નહીં.જસ્ટીસ આર.મહાદેવને આ મામલે એડમિનિસ્ટ્રેટરને આપવામાં આવેલી સત્તાના મામલે કેન્દ્રના ગૃહ મંત્રાલયના ૨૦૧૭ના પત્રવ્યવહારોને કોરાણે મુક્યા હતા. જો કે આ જ પ્રકારે દિલ્હીમાં કેજરીવાલની સરકાર અને એલજે વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યા છે.

# સમાજવાદી પાર્ટીના ઉમેદવાર અને બીએસએફ જવાન તેજબહાદુરની ઉમેદવારી રદ કરાઇ

વારાણસી લોકસભાની સીટ પરથી સમાજવાદી પાર્ટી તરફથી ઉમેદવારી કરી રહેલા બીએસએફના જવાબ તેજબહાદુરનું ઉમેદવારી પત્રક ચુંટણી અધિકારીએ રદ કરી દીધું હતું.વારાણસીના ચુંટણી અધિકારીએ તેમને નોટીસનો જવાબ આપવા કહ્યુ હતું અને પોતની ઉમેદવારી રદ થવા અંગે તેજબહાદુરે કહ્યુ હતું કે મારી ઉમેદવારી ખોટી રીતે રદ કરવામાં આવી છે.તેઓ આ બાબતે સુપ્રીમ કોર્ટમાં રજુઆત કરવાના છે તેવું તેમણે જણાવ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે મને જે ટાઈમ આપવામાં આવ્યો હતો તે પહેલાં મે જવાબ આપ્યો હોવા છતાં મારી ઉમેદવારી રદ કરી દેવાઈ હતી.તેજ બહાદુર વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુધ્ધ ચુંટણી લડી રહ્યા છે.

હવે યાદવના સ્થાને સપા તરફથી શાલિની યાદવ ઉમેદવાર બનશે.અગાઉ પણ સપાના ઉમેદવાર તેઓ જ હતા.તેઓ પહેલાં કોગ્રેસમાં હતા.અને વારાણસીના મેયરની ચુંટણીમાં તેઓ ૧.૧૩લાખ વોટ મેળવી ચુક્યા હતા.તેજબહાદુરની ઉમેદવારી રદ થતાં હવે સપાના ઉમેદવાર તરીકે શાલિની યાદવ ચુંટણી લડશે.

હવે તેજબહાદુર ઉમેદવારી પત્રક રદ કરવાના મામલે ચુંટણીપંચ સામે સુપ્રીમમાં પડકાર આપશે એમ તેમના વકીલે જણાવ્યુ હતું. જો કે તેજબહાદુર સાથે તેમના સાથીઓએ નરેન્દ્ર મોદીની સામે લડાયક મુડમાં છે અને ગેરકાયદેસર રીતે તેમનું ઉમેદવારી પત્રક રદ કરાયું હોવાની શંકાથી તેઓ માં આક્રોશ વ્યાપેલો છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.